**-:: નમુનો-અ ::-**

सत्यमेव जयते

## મહે. કલ્યાણપુરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ, જી. દેવભુમિદ્વારકા.

## ચુકાદાની તા.૦૯/૦૪/૨૦૨૬

## ફોજદારી કેસ નં.૧૦૨૧ / ૨૦૨૫ આંક-૨૧

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ઈ.પી.કો. કલમ-૪૯૮(એ), ૧૧૪ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | પાર્ટ-એ ગુ. ર. નં. ૧૧૧૮૫૦૦૩૨૫૦૪૯૪/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | કલ્યાણપુર |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી : | વિ.એ.પી.પી.શ્રી જે. જે. રાઘવાણી |
| આરોપીપક્ષ | (૧) આવડાભાઈ અરજણભાઈ ઓડેદરા,<br>(૨) અરજણભાઈ લાખાભાઈ ઓડેદરા,<br>(૩) લીલુબેન વા / ઓ અરજણભાઈ લાખાભાઈ ઓડેદરા,<br>(૪) ભાવનાબેન ડો/ઓ અરજણભાઈ લાખાભાઈ ઓડેદરા,<br>રહેવાસી બધા-ભાવપરા ગામ, નવનારા વાડી વિસ્તાર,<br>તા.જી.પોરબંદર. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી : | વિ.વ.શ્રી આર. એલ. વાઘેલા. |

**-:: નમુનો-બ ::-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૦૧/૧૧/૨૦૨૨ પહેલા લગ્ન જીવન દરમ્યાન |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૭/૦૫/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૨૯/૦૭/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૭/૧૧/૨૦૨૫ |
| પુરાવો શરૂ થવાની તારીખ | ૦૩/૦૨/૨૦૨૬ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | -- |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | -- |

## -:: આરોપીની વિગત ::-

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ/દોષ | કરવામા આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આવડાભાઈ અરજણભાઈ ઓડેદરા | -- | -- | ઈ.પી.કો. કલમ-૪૯૮(એ), ૧૧૪ મુજબ | નિર્દોષ | -- | -- |
| ૨ | અરજણભાઈ લાખાભાઈ ઓડેદરા | -- | -- | | નિર્દોષ | -- | -- |
| ૩ | લીલુબેન વા / ઓ અરજણભાઈ લાખાભાઈ ઓડેદરા | -- | -- | | નિર્દોષ | -- | -- |
| ૪ | ભાવનાબેન ડો/ઓ અરજણભાઈ લાખાભાઈ ઓડેદરા | -- | -- | | નિર્દોષ | -- | -- |

## -:: નમુનો - ક ::-

**અ. ફરીયાદપક્ષ તર્ફે સાહેદો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | આંક-૧૨ | ફરીયાદી હિરાબેન વા/ઓફ આવડાભાઈ અરજણભાઈ ઓડેદરાની જુબાની |
| (૨) | આંક-૧૪ | સાહેદ નાથાભાઈ દેવાભાઈ ગોરાણીયાની જુબાની |
| (૩) | આંક-૧૫ | સાહેદ દેવીબેન નાથાભાઈ ગોરાણીયાની જુબાની |
| (૪) | આંક-૧૬ | સાહેદ વેજીબેન દેવાભાઈ ગોરાણીયાની જુબાની |
| (૫) | આંક-૧૭ | સાહેદ સાંગણભાઈ વેજાભાઈ મોઢવાડીયાની જુબાની |
| (૬) | આંક-૨૦ | ત.ક.અ. એ. એસ. આઈ. ભીમશીભાઈ રામાભાઈ કાગડીયાની જુબાની |

**<u>અ. ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો :–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | આંક–૧૩ | ફરીયાદ |

**<u>–: ઠ રા વ :–</u>**

(૧) **<u>ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત:</u>** ગઈ તા.૦૧/૧૧/૨૦૨૨ પહેલા લગ્ન જીવન દરમ્યાન ભાવપરા ગામ નવનારા વાડી વિસ્તારમાં આરોપીના રહેણાક મકાને આરોપીઓએ ફરિયાદી બહેનના લગ્ન જીવન દરમ્યાન ફરિયાદીને ઘરકામ બાબતે અવાર નવાર મેણા–ટોણા મારી શારીરિક માનસીક દુ:ખ ત્રાસ આપી ગુન્હામાં આરોપીઓએ એક બીજાની મદદગારી કરી ગુન્હો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ આપતા તે અનુસંધાને કલ્યાણપુર પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજીસ્ટર નં.૧૧૧૮૫૦૦૩૨૫૦૪૯૪/૨૦૨૫ થી ગુન્હો દાખલ કરવામાં આવેલ.

ત્યાર બાદ, તપાસનીશ અમલદારે તપાસને અંતે આરોપીઓ વિરુધ્ધ પૂરતો પુરાવો હોવાનું જણાતા, ઈ.પી.કો. કલમ–૪૯૮(એ), ૧૧૪ મુજબના ગુના અંગેનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે.

(૨) સદરહું કામના આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં, બીએનએસએસ કલમ–૨૩૦ મુજબ પોલિસ તપાસનાં કાગળોની નકલો વિના–મૂલ્યે પૂરી પાડેલ. અત્રેની અદાલત દ્વારા આરોપીઓ વિરુધ્ધનાં આક્ષેપિત ગુના અંગે આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવી આરોપીઓની અનુક્રમે આંક–૦૪ થી આંક–૦૭ સુધી પ્લી લેતાં, આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, સદરહું કામના આરોપીઓ વિરુધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે નમુના (ક) માં દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૪) સદરહું કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા, ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓનું વિશેષ નિવેદન બીએનએસએસ ની કલમ–૩૫૧ અન્વયે નોંધવામાં આવેલ અને જેમાં આરોપીઓએ જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે તે સિવાય આરોપીઓએ સોગંદ ઉપર કોઈ પુરાવો રજૂ કરેલ નથી કે આ કામે કોઈ બચાવના સાહેદ તપાસેલ નથી.

(૫) ત્યાર બાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.રાઘવાણી તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રી આર. એલ. વાઘેલાનાઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદરહું કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે:

**–:: મુદાઓ ::–**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૦૧/૧૧/૨૦૨૨ પહેલા લગ્ન જીવન દરમ્યાન ભાવપરા ગામે નવનારા વાડી વિસ્તારમાં આરોપીના રહેણાક મકાને આરોપીઓએ ફરિયાદી બહેનના લગ્ન જીવન દરમ્યાન ફરિયાદીને ઘરકામ બાબતે અવાર નવાર મેણા–ટોણા મારી શારીરિક માનસીક દુ:ખ ત્રાસ આપી ગુન્હામાં આરોપીઓએ એક બીજાની મદદગારી કરી ગુન્હો કરી ઈ.પી.કો.કલમ– ૪૯૮(એ), ૧૧૪ મુજબનો શિક્ષા ને પાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાના નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે:

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

## -: કારણો :-

**મુદા નં.૧ :-**

(૮) ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સિસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ તહોમત બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિ:શંક પુરાવો રજુ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે તેવો પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનુ હોય છે. આરોપી નિર્દોષ છે તેવુ આરોપીએ પુરવાર કરવાનું હોતુ નથી. એમ કહી શકાય કે ફોજદારી મુકદમામાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ ધ્વારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષમુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે.

(૯) ફરીયાદપક્ષે આંક-૧૨ થી ફરીયાદી હિરાબેન વા/ઓફ આવડાભાઈ અરજણભાઈ ઓડેદરા ને તપાસવામાં આવેલ છે, તેઓના જણાવ્યા મુજબ તેણીના લગ્ન આરોપી નં. ૧ સાથે તા.૨૪/૧/૨૦૨૨ ના રોજ ગોરાણા મુકામે થયા હતા. તેણીના લગ્ન બાદ તેણીના પતિ સાથે સયુકત પરીવારમાં ભાવપરા મુકામે રહાવે ગયેલા. લગ્નબાદ થોડો સમય સારી રીતે રાખેલ ત્યારબાદ દહેજની માગણી કરતા અને મેણાટોણા મારતા તેમજ દુખ ત્રાસ આપતા તેમજ તેણીના પિતાને ત્યા ફોન કરવાની ના પાડતા અને તેણીના પતિ દારૂ પીને ઝગડો કરી માર મારતા જેથી તેણીના પિતાને ત્યાં આવી ગયેલ અને આ બનાવની ફરિયાદ આપેલી

જે ફરીયાદ આંક–૧૩ થી રજુ કરેલ છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, મારે મારા પતિ સાથે સામાન્ય બોલાચાલી થયેલી હતી. મારા પતિએ મને માર મારેલ હોય અને મે મેડીકલ સારવાર લીધેલ હોય તેવું બનેલ નથી. મારા પતિને મે કોઈ દહેજ આપેલ નથી. મારા પતિ દારૂ પીતા હોય તેવો તેના વિરુધ્ધ કોઈ ગુનો નોંધાયેલ નથી. લગ્ન બાદ હું મારા પિતાને ત્યાં પ્રસંગોપાત મારી મરજીથી આવતી જતી હતી. મારા પતિએ મને મોબાઈલ ફોન રાખવાની છૂટ આપેલી હતી જેમાંથી હું મારી મરજી મુજબ મારા માવતરે ફોન કરતી હતી. હું બોલતી હોવ અને પોલીસે લખેલ હોય તેવું બનેલ નથી. પોલીસે તૈયાર કરેલ ફરિયાદ ઉપર મે માત્ર સહી કરેલી છે, મે ફરિયાદ વાંચેલી નથી. મારા પતિએ મને કેવા મેણાટોણા મારેલા કે શું દહેજ માંગેલ તે મે મારી ફરિયાદમાં જણાવેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે તપાસેલ અન્ય સાહેદો કે જે ફરીયાદીના સગા સંબંધીઓ છે, તે તમામે બનાવ નજરે જોયેલ ન હોય, બનાવમાં શું બનેલ તે વિશે કાંઈ ખબર ન હોવાની હકીકતો સ્વીકારેલ છે.

(૧૧) ફરીયાદપક્ષે આંક–૨૦ થી ત. ક. અ. એ. એસ. આઈ. ભીમશીભાઈ રામાભાઈ કાગડીયાને તપાસવામાં આવેલ છે. તેઓએ આ કામે ધોરણસરની તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. અને આ કામેના આરોપીઓને નામ.કોર્ટ હાજર રહેવા નોટીસ આપેલ હતી. અને આરોપીઓ વિરુધ્ધ નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, હાલના કામે ફરિયાદીના સગા સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ નથી. આરોપીના ઘરની આસ પાસના કોઈ પણ સ્વતંત્ર સાહેદોને પૂછપરછ કરી તેઓના નિવેદન લીધેલ નથી. ફરીયાદીને આરોપીઓએ માર મારેલ હોય અને તેઓએ કોઈ સારવાર લીધેલ હોય તેવુ અમારી તપાસમાં ખુલેલ નથી.

આરોપીઓએ ફરીયાદી પાસે દહેજની માંગણી કરેલ હોય કે મેણા ટોણા મારેલ હોય તેવુ તપાસ દરમ્યાન જાણવા મળેલ નથી. ફરીયાદીએ સને–૨૦૨૨ થી હાલની ફરીયાદ કર્યા સુધીમાં અન્ય કોઈ ફરીયાદ કરેલી નથી.

(૧૨) ફરીયાદ પક્ષ તરફે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૪૯૮(એ) મુજબનાં ગુનાનો આક્ષેપ હોય, તે સંદર્ભે કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાતી હોય, તેને સરળતા ખાતર નીચે મુજબ રજુ રાખેલ છે.

<u>**કલમ–૪૯૮(ક) :– કોઈ સ્ત્રીના પતિ અથવા પતિના સગાએ તેણી સાથે ક્રૂરતા કરવા બાબત :**</u> જે કોઈ વ્યકિત, કોઈ સ્ત્રીનો પતિ અથવા પતિનો સગો હોઈને એવી સ્ત્રી સાથે ક્રૂરતા કરે ત્યારે તેને ત્રણ વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

<u>**કલમ–૧૧૪. ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરી :**</u> પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરિણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવું કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

(૧૩) આમ, ઉપરોકત સાહેદોની જુબાનીઓ જોતાં હાલના કામે આરોપીઓએ ફરીયાદીને કોઈ માર મારેલ હોય, કે મેણા ટોણા મારી શારિરીક માનસિક ત્રાસ આપેલ હોય તેવો સચોટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં, ફરીયાદી બેને ઈજાની સારવાર લીધેલ હોય તો તે અંગેનું પ્રમાણપત્ર ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ નથી. તેમજ ફરીયાદી તથા સાહેદોએ એવો કોઈ પુરાવો આપેલ નથી કે, આરોપીઓએ તેઓને કોઈ ઈજા કરેલ હોય. આ કામે ફરિયાદી તથા સાહેદોએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીઓ ધ્વારા ફરીયાદી પાસે દહેજની માંગણી કરવામાં આવેલ હોય, તેવી પણ કોઈ હકીકત આવેલ નથી. આમ, આ કામના આરોપીઓ સામેના ઈ.પી.કો. કલમ–૪૯૮(એ) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેટલો પુરાવો રેકર્ડ પર આવેલ નથી.ક્રિમિનલ

જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને આરોપીઓએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય, ત્યાં આરોપીઓને લાભ મળવા પાત્ર છે. તે સિધ્ધાંત ધ્યાને લેતાં તે સાહેદોને તપાસવામાં આવે અને તેઓ ફરિયાદપક્ષના કેસને સંપુર્ણપણે સમર્થન કરે તો પણ ફરિયાદપક્ષના કેસના ગુણદોષમાં કોઈ ફેર પડે તેમ ન હોઈ તે સાહેદોને તપાસવામાં આવેલ નથી. આમ, આ કામે રજુ થયેલ પુરાવાને ધ્યાનમાં લેતા ફરિયાદપક્ષ પોતાના કેસની હકીકતો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોઈ મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:

**<u>-: આખરી હુકમ :-</u>**

(૧) આથી, મથાળે આરોપીઓની વિગતમાં દર્શાવેલ આરોપીઓને તેમની સામેના ઈ.પી.કો. કલમ-૪૯૮(એ),૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી બી. એન. એસ. એસ. કલમ-૨૭૧(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહું કામે આરોપીઓએ અપીલ સમય માટે રૂા.૫,૦૦૦/- (પાંચ હજાર પુરા) ના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજ રોજ તારીખ-૦૯ મી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૯/૦૪/૨૦૨૬.**
**કલ્યાણપુર.**

**(અલ્પા પ્રભુદાસ કડીવાર)**
**GJ-01554**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**તા. કલ્યાણપુર જી. દેવભુમિધ્વારકા.**